સરકારી કન્યા અને કુમાર છાત્રાલય (અનુ.જાતિ), મહેસાણા તેમજ આદર્શ નિવાસી શાળા (અ.જા./કુમાર), મહેસાણાના રીનોવેશન કામોની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/1281/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૭/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો તા.૨૭/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૪-૨૫/૨૯૧૬

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિધાર્થીઓ/વિધાર્થીનીઓને અન્ય વર્ગોના વિધાર્થીઓ/વિધાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે અને તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, જમવાની સુવિધા તેમજ આદર્શ નિવાસી શાળાઓ(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસક્રમો માટે રહેવા, જમવા તેમજ શિક્ષણની સુવિધા નિશુલ્ક આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૭/૦૫/૨૦૨૪ના પત્રથી સરકારી કન્યા અને કુમાર છાત્રાલય (અનુ.જાતિ), મહેસાણાના સરકારી મકાનના રીપેરીંગ કામોની રૂા. ૨૮.૬૦/- લાખ તેમજ આદર્શ નિવાસી શાળા, કુમાર (અનુ.જાતિ), મહેસાણાના શાળા વિભાગ, હોસ્ટેલ વિભાગ અને સ્ટાફ ક્વાર્ટરના રીનોવેશનના કામો માટે રૂા. ૫૫.૦૦/- લાખ એમ કુલ રૂ.૮૩.૬/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સરકારી કન્યા અને કુમાર છાત્રાલય (અનુ.જાતિ), મહેસાણાના સરકારી મકાનના રીપેરીંગ કામોની રૂા.૨૮.૬૦/- લાખ તેમજ આદર્શ નિવાસી શાળા, કુમાર (અનુ.જાતિ), મહેસાણાના શાળા વિભાગ, હોસ્ટેલ વિભાગ અને સ્ટાફ ક્વાર્ટરના રીનોવેશનના કામો માટે રૂા.૫૫.૦૦/- લાખ એમ કુલ રૂ.૮૩.૬/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આથી નિચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મુડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Jul-2024 (12:42 PM)

જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ SCW – 32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઇઝેશનની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૬/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

25/07/2024

25/07/24

Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Jul-2024 (12:42 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.મહેસાણા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ ૨૦૨૪